# ઉત્તર ગુજરાતમાં વરસાદ ખેંચાતાં સૂકા ઘાસચારાનો ભાવ વધશે

## પાંજરાપોળમાં ઘાસચારાની અછતના એંધાણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ઉત્તર ગુજરાતમાં વરસાદના અભાવે દુષ્કાળનાં ડાકલાં વાગી રહ્યાં છે. સાર્વત્રિક વરસાદ ન વરસતાં હવે પાણીની સમસ્યા સાથે સૂકા ઘાસચારાની મુશ્કેલ સ્થિતિ ઉભી થઈ શકે છે. વરસાદ ખેંચાતાં પશુપાલકોએ અત્યારથી જ સૂકો ઘાસચારો સંગ્રહીત કરવાની શરુઆત કરી છે જેના કારણે ૫ જિલ્લામાં ઘાસચારાનો ભાવ વધવાની સંભાવના છે. ખાસ કરીને પાંજરાપોળમાં પશુઓને સૂકા ઘાસચારાની અછત સતાવે તેવા અણસાર છે.

ભરચોમાસે જળાશયો તળીયા ઝાટક બની ગયા છે. નદી, તળાવ, ચેકડેમ સૂકાભઠ્ઠ બની જતાં દુષ્કાળ ડાચુ ફાડીને ઉભો હોય તેવું બિહામણું ચિત્ર ઉપસી રહ્યું છે. હવામાન વિભાગની આગાહીઓ ધરાર ખોટી સાબિત થતાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અછતની સ્થિતિ ઉભી થઈ છે. મોટાભાગના વિસ્તારોમાં ભરચોમાસે પીવાના પાણીનું સંકટ ઉભું થયું છે. જ્યારે સિંચાઈ ક્ષેત્રે પણ મુશ્કેલ સ્થિતિ ઉભી થઈ છે. ખેતરોમાં ઉભો ખરીફ પાક મૂરઝાવવા લાગતાં ખેડૂતોએ સિંચાઈનાં પાણી આપી વાવેતર બચાવવાનો પ્રયાસ કર્યો છે પરંતુ સરકતા જતા શ્રાવણમાં વરસાદની હજુ કોઈ આશા બંધાઈ નથી. ચોમાસામાં સારો વરસાદ વરસે તો જ પશુપાલકો માટે ઘાસચારાની સમસ્યા છેક શિયાળા સુધી હલ થતી હોય છે. લીલું ઘાસ વાઢીને મૂંગા પશુઓ માટે આરક્ષિત રાખવામાં આવતું હોય છે જે આગામી શિયાળા તેમજ ઉનાળામાં પશુપાલકોને કામ આવતું હોય છે પરંતુ ૫ જિલ્લામાં વરસાદે ગંભીર સ્થિતિ ઉભી કરતાં સૂકો ઘાસચારો મેળવવા માટે ખેડૂતોએ દોડધામ શરૂ કરી છે. વરસાદ ખેંચાતાં આગામી સમયમાં મૂંગા પશુધનને જીવાડવું મુશ્કેલ બને તેમ હોવાથી પશુપાલકો સૂકો ઘાસચારો ખરીદવા માંડ્યા છે. ઉત્તર ગુજરાતમાં ઝારના પૂળાનો ભાવ હાલ રૂા.૧૫ અને બાજરીના પૂળાનો ભાવ ૯ થી ૧૦ રૂા. તેમજ ઘઉંના પરાળનો ભાવ ટ્રેક્ટર દીઠ રૂા.૫૦૦૦ બોલાઈ રહ્યો છે પરંતુ હજુ વધુ વરસાદ ખેંચાયો તો ઘાસચારાના ભાવ વધવાની દહેશત પશુપાલકો વ્યક્ત કરી રહ્યા છે.



# કાંકણોલના યુવાને સાયકલ પર દુર્ગમ લેહલદ્દાખનો પ્રવાસ ખેડ્યો

### સાહસિક સાયકલ પ્રવાસ પૂર્ણ કરનાર યુવાનનું ઉષ્માભેર સ્વાગત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

હિંમતનગર તાલુકાના કાંકણોલના સાહસિક યુવાન જય પંચાલે સાયકલ ઉપર દેશના દુર્ગમ વિસ્તાર ગણાતા ખરદુંગલા (લેહલદ્દાખ) સુધીનો ૧૮૩૨ કી.મી. લાંબો સાયકલ પ્રવાસ ખેડી અપ્રતિમ સાહસનો પરિચય કરાવતાં નિર્વિધ્ને પ્રવાસ પૂર્ણ કરી પરત ફરેલા યુવાનનું સામાજીક સંસ્થાઓ દ્વારા ઉષ્માભેર સ્વાગત થઈ રહ્યું છે. સાબરકાંઠાના યુવાને કઠીન યાત્રા સાયકલ ઉપર પૂર્ણ કરી સમગ્ર રાજ્યનું ગૌરવ વધારતાં પંથકમાં આનંદ છવાયો છે.



મનમાં કોઈપણ લક્ષ પ્રાપ્ત કરવાની ધુન સવાર થઈ જાય ત્યારે માર્ગમાં આવતા સંકટો તણખલાની માફક દૂર થઈ જતા હોય છે. અડગ મન હોય તો ન ધારેલી સિદ્ધિઓ હાંસલ થતી હોય છે. હિંમતનગર તાલુકાના કાંકણોલના પંચાલ પરિવારના જય પંચાલે ટીવી પર આવતી સ્પોર્ટસ ચેનલોમાંથી પ્રેરણા લઈ દેશના દુર્ગમ વિસ્તારની સાયકલ યાત્રા કરવાનો અટલ નિર્ણય લીધો. દરરોજ ૫૦ થી ૧૦૦ કી.મી. સાયકલ ચલાવવાની પ્રેક્ટીસ કરવાની સાથે મજબૂત ઈરાદા સાથે શારીરિક સજ્જતા માટેની તૈયારીઓ કરી. જેમાં હિંમતનગર થી ખરદુંગલા (લેહલદ્દાખ)નો કઠીન પ્રવાસ સાયકલ ઉપર પૂર્ણ કરવા માટે રવાના થયો. તા.૯-૮-૨૦૨૧ના રોજ હિંમતનગર થી શરૂ થયેલી સાયકલ યાત્રા ઉદેપુર, અજમેર, જયપુર, ગુરૂગ્રામ, દિલ્હી, પટીયાલા થઈ લેહ અને ખરદુંગલાનો ૧૮૩૨ કી.મી.નો સાયકલ પ્રવાસ માત્ર ૧૬ દિવસ દિવસમાં પૂર્ણ કરી ઈતિહાસ રચી દીધો છે. રસ્તામાં વરસાદ સહિતની વિષમ પરિસ્થિતિઓ છતાં અડગ મને યુવાને સૌથી કઠીન સાયકલ યાત્રા પૂર્ણ કરી વતન પરત ફરતાં તેનું ઉષ્માભેર સ્વાગત થઈ રહ્યું છે. તા.૨૬ના રોજ ધ ફાસ્ટર કંપની દ્વારા તેના આ સાયકલ સાહસને બિરદાવવા માટે હિંમતનગરની માઈલસ્ટોન હોટલમાં ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# અરવલ્લીમાં રેશનીંગનો જથ્થો ન મળતાં કાર્ડધારકોની રાંધણછઠ બગડી

### તહેવારના દિવસે પણ રેશનીંગ માટે કાર્ડધારકોને ધક્કા પડ્યા : તહેવારો ઉજવવા વધારાનો જથ્થો ફાળવ્યો પણ હેતુ મરી પરવાર્યો..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

અરવલ્લી જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં તુવેર દાળનો જથ્થો મળતો ન હોવાની વ્યાપક ફરિયાદો સાથે રાંધણછઠ્ઠના દિવસે લાભાર્થી કાર્ડધારકોને વધારાનો જથ્થો પણ ન મળતાં અનેક કાર્ડધારકોની રાંધણછઠ્ઠ બગડી હતી. સરકારે તહેવારો ઉજવવા માટે રેશનીંગનો જથ્થો ફાળવ્યો પરંતુ કોઈને કોઈ ટેકનિકલ ખામીના કારણે અસંખ્ય કાર્ડધારકોને રેશનીંગના જથ્થાથી વંચિત રહેવાનો વારો આવતાં રોષ ભભૂકી ઉઠ્યો છે. સરકારે તહેવારોની ઉજવણી માટે ફાળવેલા જથ્થાનો હેતુ જ મરી પરવાર્યો હોય તેવું ચિત્ર બહાર આવ્યું છે.



રાજ્ય સરકારના પુરવઠા વિભાગ દ્વારા કાર્ડધારકોને સાતમ-આઠમના તહેવારો ધ્યાનમાં રાખી નિયત રેશનીંગના જથ્થા સાથે વધારાનો પુરવઠો આપવા માટે સરકારી ગોડાઉનોમાંથી જથ્થો ફાળવવામાં આવ્યો. સરકારી સસ્તા અનાજની દુકાનોમાં જથ્થો પહોંચ્યો જ્યાં તહેવારો પૂર્વે વિતરણ શરૂ કરવામાં આવ્યું પરંતુ સર્વરના ધાંધિયાથી કાર્ડધારકોમાં હોબાળો મચી ગયો. કેટલાક વિસ્તારોમાં તો અન્ય જથ્થો અપાયો પરંતુ તૂવેર દાળ ન મળ્યાની ફરિયાદો સામે આવી હતી ત્યાં કેટલીક સસ્તા અનાજની દુકાનોમાં તો કાર્ડધારકોને વધારાનો જથ્થો જ મળ્યો ન હોવાના કારણે રાંધણછઠ્ઠના તહેવારો બગડ્યા હોય તેવો ઘાટ ઘડાયો હતો. સસ્તા અનાજની દુકાનોમાં વારંવાર ધક્કા ખાવા છતાં રેશનીંગનો જથ્થો મળ્યો ન હોવાની વ્યાપક ફરિયાદો તહેવારો સમયે ઉઠી છે જેમાં કેટલાક કાર્ડધારકોને તો સર્વરના ધાંધિયાથી રેશનીંગના જથ્થાથી વંચિત રહેવું પડે તેવી સ્થિતિ ઉભી થઈ હતી. તહેવારોને ઉજવણી માટે ફાળવવામાં આવેલા વધારાનો જથ્થો લેવા માટે કાર્ડધારકો સસ્તા અનાજની દુકાને ગયા પરંતુ યેનકેન પ્રકારે જથ્થો મળ્યો ન હોવાની ફરિયાદો ઉઠી છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા કાર્ડધારકોની રાંધણછઠ્ઠ રેશનીંગ વગર બગડી છે ત્યારે વારંવાર તહેવારો સમયે જ સર્વરના ધાંધિયા તેમજ અન્ય ટેકનિકલ ફોલ્ટ કેમ ઉભા થાય છે તેની તપાસ કરાવવી રહી.

# જિલ્લાની પ્રાથમિક શાળાના બાળકોના ખાતામાં ફુડની રકમ જમા થશે

### ૪૭ દિવસ શાળાના ગણી પૈસા ચૂકવવા શિક્ષણ વિભાગનો પરીપત્ર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સરકાર દ્વારા શાળામાં મધ્યાહન ભોજનની વ્યવસ્થા ચાલી રહી છે પરંતુ કોરોનાના કારણે શાળાઓ બંધ રહેતાં વિદ્યાર્થીઓ શાળાએ જઈ શકયા નથી જેથી તમામ વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ઘેર બેઠાં ફુડ સિક્યુરીટી એલાઉન્સ ચૂકવવા પરીપત્ર કરવામાં આવ્યો છે જેથી તા.૭ જૂન થી તા.૩૧ જુલાઈ ૪૭ દિવસનું ફુડ એલાઉન્સ ચૂકવવા માટે વિભાગને રાજ્યના શિક્ષણ વિભાગે સૂચના આપી છે.

શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ તા.૭-૬-૨૦૨૧ થી ૩૧-૭-૨૦૨૧ સુધી હોમલર્નિંગ સમયગાળાના કુલ-૪૭ શાળા દિવસો માટે નવા શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માટે શાળામાં નોંધાયેલા વિદ્યાર્થીઓને ફૂડ સિક્યુરીટી એલાઉન્સિસના અનાજનું વિતરણ મુખ્ય શિક્ષક, એસ.એમ.સી. દ્વારા લાયકાત ધરાવતા લાભાર્થી બાળકોના વાલીઓને કરવાનું છે. મધ્યાહન ભોજનની રકમ શાળાના મુખ્ય શિક્ષક અથવા એસ.એમ.સી. દ્વારા વિદ્યાર્થી-વાલીઓના બેન્ક એકાઉન્ટમાં જમા કરવાના રહેશે. મધ્યાહન ભોજન યોજના અમલમાં હોય તેવી તમામ પ્રાથમિક શાળાઓના શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માં નોંધાયેલા વિદ્યાર્થીઓને દૈનિક ધોરણે અનાજનું થયેલ વિતરણ અને કુકીંગ કોસ્ટની બેન્ક એકાઉન્ટ દ્વારા ચૂકવાયેલ રકમની વિગતો અંગેનો દૈનિક રિપોર્ટ નિયત પત્રકમાં ઈ-મેઈલ દ્વારા મોકલવાની શિક્ષણ વિભાગે સૂચના આપી છે તેમજ નિયત નમૂના પત્રકમાં વિતરણ થયેલ અનાજ અને વિદ્યાર્થી-વાલીના બેન્ક ખાતામાં જમા થયેલ રકમની માહિતી આપવાની રહેશે. ૪૭ દિવસના શાળાના ગણી ફૂડની રકમ ચૂકવવા શિક્ષણ વિભાગે પરીપત્ર કરતાં બંન્ને જિલ્લાની શાળાઓમાં મધ્યાહન ભોજનના લાભાર્થી વિદ્યાર્થીઓને તેનો લાભ મળી શકે છે.

# માણસાના હિંમતપુરા ખાતે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### ભારતીય માનક બ્યુરો અમદાવાદ અને ગ્રાહકહિત સુરક્ષા મંડળ પ્રાંતિજના ઉપક્રમે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના હિંમતપુરા ખાતે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો જેમાં હિંમતપુરા ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

માણસાના હિંમતપુરા ખાતે ભારતીય માનક બ્યુરો અમદાવાદના સહયોગથી અને ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજના ઉપક્મે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં માનક બ્યુરો અમદાવાદના સ્ટાન્ડર્ડ પ્રમોશન ઓફિસર સંદિપ ચાવડા હાજર રહીને હોલમાર્ક અને ISI માર્કો શું છે તે માર્કાવાળીજ વસ્તુઓ શા માટે ખરીદવી તથા હોલમાર્ક એ ગુણવતાનુ પ્રતિક છે સોનાના ઘરેણા હોય હોલ માર્કીંગ વાળા જ ખરીદવા જોઈએ અને સોનાની સાચી પરખ સહિતનુ વિષેનું વિસ્તુત માર્ગદર્શન પુરૂ પાડયું હતું.




તો આ પ્રસંગે હિંમતપુરા ગામના સરપંચ ગોવાભાઈ ચૌધરી, ડેપ્યુટી સરપંચ કાન્તિભાઈ ચૌધરી, ડેરીના પ્રમુખ બળદેવભાઈ ચૌધરી સહિત મોટી સંખ્યામા ગામની બહેનો સહિત ગામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાં એસ.ટી.ની સમાંતર દોડતાં વાહનોના ભાડામાં ઉઘાડી લૂંટ

### મુસાફરોને ભાડામાં ખંખેરતા વાહનચાલકો બેફામ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં એસ.ટી. બસની સમાંતરે ચોક્કસ રૂટ ઉપર દોડતાં વાહનોમાં મુસાફરો સાથે ભાડામાં ઉઘાડી લૂંટ થઈ રહી છે. ઘેટાં-બકરાંની જેમ મુસાફરો ભરીને દોડતી વાહન સી.એન.જી. ગેસથી ચાલતાં હોવા છતાં ડીઝલના ભાવ વધારાના નામે ખાનગી શટલિયા વાહન ચાલકોએ મુસાફરોને ખંખેરવા માંડ્યા છે. ખાનગી વાહનોમાં એક્સપ્રેસ જેટલું ભાડું વસુલવામાં આવી રહ્યું છે. એસ.ટી.ને દૈનિક લાખો રૂપિયાની આવકમાં ફટકો આપતા શટલિયા વાહનો પોલીસને દર મહિને હપ્તો ચૂકવતા હોવાથી બેફામ બની ગયા છે અને કોઈ ભાડા મુદ્દે અવાજ ઉઠાવે તો ગાંઠતા ન હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે.

જિલ્લાના હાઈવે માર્ગો ઉપર શટલિયા વાહનોનો રાફડો ફાટ્યો છે. પોલીસના તગડા હપ્તારાજથી ક્ષમતા કરતાં પણ વધુ મુસાફરો બેસાડવાનો પરવાનો આપી દેવાયો હોય તેવું જણાઈ રહ્યું છે. જિલ્લાના તાલુકા અને જિલ્લા મથકોથી એસ.ટી. બસના મુસાફરો ખેંચી ખાનગી શટલિયા વાહનો તગડી કમાણી કરી લેતા હોય છે તેમાંય ઈંધણના સતત વધતા ભાવના કારણે ચોક્કસ રૂટ ઉપર દોડતા મોટાભાગના વાહનો હવે સી.એન.જી. ગેસથી દોડી રહ્યાં હોવા છતાં ભાડામાં લૂંટ ચલાવાય છે. જિલ્લાના મોડાસા-હિંમતનગર, બાયડ-મોડાસા, મોડાસા-શામળાજી, શામળાજી-હિંમતનગર, હિંમતનગર-ઈડર, ઈડર-વડાલી, ઈડર-ખેડબ્રહ્મા, ઈડર-વિજયનગર, હિંમતનગર-પ્રાંતિજ, હિંમતનગર-તલોદ સહિતના રૂટ ઉપર એસ.ટી.ની સમાંતરે સી.એન.જી. ગેસ ઉપર દોડતી ઈકો કારની સંખ્યામાં ધરખમ વધારો થયો પરંતુ હવે મુસાફરોને ખંખેરવાનો ખેલ શરૂ કરવામાં આવ્યો છે. એક્સપ્રેસ જેટલું ભાડું વસુલી મુસાફરોને બિન્દાસ્ત રીતે લૂંટવામાં આવી રહ્યાં હોવા છતાં આર.ટી.ઓ., પોલીસ સહિતનું જવાબદાર તંત્ર કંઈપણ કહેવા માટે તૈયાર ન હોય તેવું લાગી રહ્યું છે.

# પ્રાંતિજ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે યોજાતો જન્માષ્ટમીનો મેળો નહી ભરાય

### ચાલુ સાલે પણ કોરોનાને પગલે મેળા ઉપર ગ્રહણ : સતત બીજા વર્ષે પણ વર્ષોથી પરંપરાગત ભરાતો જન્માષ્ટમીનો લોકમેળો નહી ભરાય

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સુપ્રસિધ્ધ ભરાતો મેળો સતત બીજા વર્ષે પણ કોરોનાનુ ગ્રહણ લાગ્યુ તો આ વર્ષે પણ જન્માષ્ટમીના




શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે જન્માષ્ટમી ના દિવસ દિવસે ભરાતો લોકમેળો નહી ભરાય.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે આ વર્ષે પણ જન્માષ્ટમીના દિવસે કોરોનાના ગ્રહણને લઈને સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે યોજાતો લોકમેળો નહી યોજાય તો સતત બીજા વર્ષે પણ કોરાનાને લઈને જન્માષ્ટમીના દિવસે પરંપરાગત વર્ષોથી ભરાતો લોકમેળો નહી ભરાય તેવુ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિરના ટ્રસ્ટી યોગેશભાઈ રાવલ દ્વારા જણાવવામા આવ્યુ હતું.

# નાગપાંચમ નિમિત્તે ચાણસ્મા ગોગા મહારાજના મંદિરે લઘુરૂદ્ર કાર્યક્રમ યોજાયો

ચાણસ્મા, તા.૨૮

નાગપંચમીના પવિત્ર દિવસે ચાણસ્મા, ધરમોડા, સેઢાલ, કંબોઈ, ધાણોધરડા, લણવા સહિત ગોગા બાપાના સ્થાનકે ભાવિકોએ દર્શને ઊમટી પડી દાદાના ચરણોમાં શ્રીફળ, કુલેરનો પ્રસાદ અર્પણ કરી જીવનની ધન્યતા અનુભવી હતી. ચાણસ્મા જૂના રબારીવાસમાં બિરાજમાન ૧૨૦૦ વર્ષ પ્રાચીન શેષ નારાયણ ગોગા મહારાજના સ્થાનકે નાગપંચમી ઉત્સવ પ્રસંગે વહેલી સવારે દાદાના ચરણોમાં લઘુરુદ્ર યજ્ઞ યોજાયો હતો. જેના યજમાનનો લાભ એડવોકેટ મહેન્દ્રભાઈ અમથાભાઈ દેસાઈ પરિવારે લીધો હતો.આ પ્રસંગે ચાણસ્મા તેમજ મોઢેરા, બહુચરાજી, હારિજ, પાટણ પંથકમાંથી શ્રદ્ધાળુઓ ગોગા બાપાના દર્શને ઊમટી પડ્યા હતા અને ભોજન પ્રસાદનો લ્હાવો લીધો હતો. શ્રદ્ધાળુઓને ગોગા મહારાજ પરિવારના હિતેન્દ્ર દેસાઈ, પરેશ દેસાઈ, પુજારી હસમુખપુરી ગોસ્વામી, મુકેશ પિત્રોડા સહિતે આવકાર્યા હતા. નાગપંચમી નિમિત્તે મંદિર અને પ્રવેશદ્વારને ફૂલોનો નયનરમ્ય શણગાર કરાયો હતો.

## હારિજ તાલુકામાં નાગપાંચમના ધાર્મિક મેળા યોજાયા

હારીજ, તા.૨૮

હારિજ તાલુકામા ગોવના, રાવિદ્રા ગામે નાગદેવતાના મંદિરે ધાર્મિક મેળા ભરાયા હતાં. જ્યા નાગદેવતાને શ્રીફળ, કાપડના ઘોડા અને કુલેર પ્રસાદ ચડાવવા લોકોની ભીડ જામી હતી. ગોવના ગામે વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ ગોગા મહારાજના મંદિરે વાજતે ગાજતે નેજા ચડાવી શ્રીફળ અને ફૂલેરની પ્રસાદ ચઢાવવામાં આવી હતી. ગોવના ગામે ગરછોડ દેસાઈ ૨૦ પરિવાર અને ૧૫૦ ઉપરાંત પૂંછલ્યા દેસાઈ પરિવારો દ્વારા વાજતે ગાજતે એક સાથે નાગદેવતાના મંદિરે પ્રસાદ અને નેજા ચડાવવાની પરંપરા ચાલી આવી છે.

# સાબરકાંઠા ભાજપ દ્વારા નમો એપ ડાઉનલોડની કાર્યશાળા યોજાઈ

બાયડ તા.૨૮

ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લા દ્વારા આજરોજ સ્વામિનારાયણ મંદિર ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલના અધ્યક્ષસ્થાને નમો એપ ડાઉનલોડ કાર્યશાળા યોજાઈ જેમાં પ્રદેશ ભાજપ સોશિયલ મીડિયા ના પ્રમુખ સિદ્ધાર્થભાઈ પટેલે આ એપ્લિકેશન વિશે સમજાવતા જણાવેલ કે આપણી એપ નમો એપ તરીકે હવે ઓળખાશે. આ એપ વિશે કેન્દ્ર સરકારની કરેલી કામગીરી, કેન્દ્ર સરકારના કરેલા નિર્ણયો તેમજ તમે સીધો વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી સાહેબ સાથેનો તમારો સંવાદ, તમે કરેલી કામગીરી નો રિપોર્ટ તેમજ છેવાડાના માનવી સુધી તેમને મળતી જાણકારી તેમજ તેમને મળતા લાભો વિશે વિસ્તૃત જાણકારી આપી હતી તેમજ તેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૦૯૦૯૨૦ છે જેના દ્વારા તમે એપ્લિકેશન ડાઉનલોડ કરી શકશો આ ૧૫ ભાષામાં નમો એપ કામ કરે છે. જિલ્લા પ્રમુખ જે.ડી.પટેલ એ આ એપ્લિકેશન ની જાણકારી તમામ કાર્યકર્તા સુધી પહોંચે તેમજ સાબરકાંઠામાં એક



બુથમાં મીનીમમ ૭૦ જણા જોડાયા જેના થકી આવનારા પંદર મી સપ્ટેમ્બર સુધી જિલ્લામાં ૯૦,૦૦૦ નમો એપ ડાઉનલોડ નું લક્ષાંક છે તેમ જણાવેલ. આ પ્રસંગે પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ કું. કૌશલ્યા કુંવરબા પરમાર, જિલ્લા સંગઠન પ્રભારી ભરતભાઈ આર્ય, રેખાબેન ચૌધરી, સાંસદ દિપસિંહ રાઠોડ, રમીલાબેન બારા, જિલ્લા પંચાયત પ્રમુખ ધીરૂભાઈ પટેલ, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, ઉત્તર ગુજરાત સોશિયલ મીડિયાના કન્વીનર અમિતભાઈ પંડ્યા, જીલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા, જિલ્લા ઉપપ્રમુખ જયેશભાઈ પટેલ, કોષાધ્યક્ષ જયેશભાઈ શાહ તેમજ સોશિયલ અને આઈટી સેલના કાર્યકરો, હોદ્દેદારો સહિત જિલ્લામાંથી મોટી સંખ્યામાં અપેક્ષિત કાર્યકરો હાજર રહેલ.